તાપમાન
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૧ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૯૩ | ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; ભાદરવા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




# પાકિસ્તાન ત્રાસવાદી દેશ છે : ભારત

## નવાઝ શરીફને ભારતે જડબાતોડ જવાબ આપ્યો : મદદમાં મળતી અબજોની રકમ ત્રાસવાદીઓને અપાઈ રહી છે : બ્લેકમેઈલીંગની નીતિ વિરૂદ્ધ ભારત નહીં ઝુકે

સંયુક્ત રાષ્ટ્ર,તા. ૨૨

પાકિસ્તાનના વડાપ્રધાન નવાજ શરીફે યુએનમાં ફરી એકવાર કાશ્મીર અને હિઝબુલના ત્રાસવાદી બુરહાન વાનીનો મુદ્દો ઉઠાવ્યા બાદ ભારતે જડબાતોડ જવાબ આપ્યો હતો. યુએનમાં ભારતના સ્થાયી મિશનના ફર્સ્ટ સેક્રેટરી એનમ ગંભીરે રાઈટ ટુ રીપ્લાયનો ઉપયોગ કરીને પાકિસ્તાન ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. નવાઝ શરીફની આકરી ટીકા પણ કરી હતી. નવાઝ શરીફે કાશ્મીરમાં માનવ અધિકાર ભંગનો મુદ્દો ઉઠાવ્યો હતો. જેના જવાબમાં ગંભીરે કહ્યું હતું કે માનવ અધિકારોનો સૌથી મોટો ભંગ ત્રાસવાદ છે. જો તેનો ઉપયોગ દેશની નીતિ માટે કરવામાં આવે છે તો તે એક યુદ્ધ અપરાધ તરીકે છે. અમારા દેશને પાકિસ્તાન દ્વારા ત્રાસવાદીને પ્રોત્સાહન આપવાના કારણે ભારે કિંમત ચુકવવી પડી છે. ગંભીરે કહ્યું હતું કે તક્ષશિલાની જમીન આજે ત્રાસવાદનું નેતૃત્વ કરે છે. પાકિસ્તાનના ઝેરી અભિયાનને દુનિયાના લોકો અનુભવ કરી રહ્યા છે. આ કમનસીબ બાબત છે કે આજે અમે એક એવા દેશ તરફથી માનવ અધિકાર અને આત્મનિર્ભરતાના ઉપદેશ સાંભળી રહ્યા છીએ જે પોતે ગ્લોબલ ટેરેરીઝમના કેન્દ્રના તરીકે છે. પાકિસ્તાન એક આતંકવાદી દેશ છે. જે આંતરરાષ્ટ્રીય મદદમાં મળેલી અબજોની રકમ ત્રાસવાદીઓને આપે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરૂપે કહ્યું છે કે સંયુક્ત રાષ્ટ્રના સૌથી મોટા મંચ ઉપર બુરહાન વાનીનો મુદ્દો ઉઠાવીને પાકિસ્તાને ત્રાસવાદ સાથે તેના સંબંધ હોવાની વાત કરી છે. વિદેશ રાજ્ય મંત્રીએ પણ આની



● અનુસંધાન પાન-૭ પર

## નક્સલવાદી અંગે માહિતી આપનારને ઈનામ મળે છે

નક્સલવાદી પ્રવૃત્તિને રોકવા માટે મહારાષ્ટ્ર સરકારે કમરકસી લીધી છે. આના ભાગરૂપે નક્સલવાદીઓ સુધી પહોંચવા નાગરીકોની મદદ લેવાનો પણ નિર્ણય લેવાયો છે. જેના ભાગરૂપે નક્સલવાદીઓ અંગે માહિતી આપનારાઓને ઈનામની જાહેરાત કરાઈ છે. મહારાષ્ટ્રમાં જે વિસ્તારો નક્સલવાદીઓથી અસરગ્રસ્ત છે તેને ગઢચિરોલી, ચંદ્રપુર, યાવાતમલ અને ભંડારાનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં નક્સલવાદીઓ ઘણા સમયથી સક્રિય થયેલા છે.

# સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં નવાઝ શરીફે કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો

## કાશ્મીરી જનતાના અવાજને કચડી નાખવા ભારત ઉપર સીધો આક્ષેપ : ૧૯ મિનિટના ભાષણમાં ધારણા પ્રમાણે જ આઠ મિનિટ સુધી કાશ્મીર અને ભારતનો ઉલ્લેખ : બુરહાન વાનીને યુવા નેતા તરીકે ગણાવીને ઈરાદા દર્શાવ્યા

સંયુક્ત રાષ્ટ્ર, તા.૨૨

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે ધારણા પ્રમાણે જ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પોતાના ભાષણમાં કાશ્મીરનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો હતો. કાશ્મીર મુદ્દા પર પોતાના દેખાવાના આંસુ રજુ કરતા નવાજ શરીફે ભારત પર સ્થાનિક નાગરિકો પર અત્યાચાર કરવાનો આક્ષેપ કર્યો હતો. ૧૯મીએ પણ પોતાના ભાષણમાં નવાઝ શરીફે આઠ મિનિટ કાશ્મીર અને ભારતનો ઉલ્લેખ કર્યો હતો. નવાઝ શરીફે એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા હિઝબુલના આતંકવાદી બુરહાન વાનીને કાશ્મીરના યુવા નેતા તરીકે ગણાવીને તેના ગુણગાન કર્યા હતા અને ભારત પર કાશ્મીરી અવાજને દબાવીને દેવાનો આક્ષેપ કર્યો હતો. કાશ્મીરનો રાગ છેડતા નવાઝ શરીફે કહ્યું હતું કે આ વિવાદનો ઉકેલ યુએનના પ્રસ્તાવને અમલી કર્યા વગર આવી શકે નહીં. તેમણે ઉમેર્યું હતું કે પાકિસ્તાન જ કાશ્મીરનો યોગ્ય અવાજ છે. કાશ્મીરીઓની નવી પેઢી ભારતના ગેરકાયદે કબજા સામે લડી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે બુરહાન વાનીની સુરક્ષા દળો દ્વારા હત્યા કરી દેવામાં આવ્યા બાદ આંદોલનની શરૂઆત થઈ હતી. કાશ્મીરમાં આ લોકોના આંદોલનને કચડી નાખવાના પ્રયાસ થઈ રહ્યા છે. ભારતીય સુરક્ષા દળો



દ્વારા કરાયેલા હુમલામાં ૬૦૦૦ લોકો ઘાયલ થઈ ચુક્યા છે. આશરે ૧૦૦ લોકોના મોત થયા છે. ભારતના આ અત્યાચારોના દસ્તાવેજ છે નવાઝ શરીફે કાશ્મીર મામલામાં સંયુક્ત રાષ્ટ્રની દરમ્યાનગીરીની માંગ કરી હતી અને કહ્યું હતું કે આ સંસ્થાને પોતાની ટીમ પણ મોકલવી જોઈએ. સંયુક્ત રાષ્ટ્રની ટીમે ભારત તરફથી કરાઈ રહેલા અત્યાચારને નિહાળવા જોઈએ. યુએનને ડોઝીયર પણ સોંપવામાં આવશે.

# મુંબઈમાં ટેરર એલર્ટ : સઘન સુરક્ષા

## કાળા વસ્ત્રોમાં કેટલાક શખ્સો દેખાયા બાદ ભારે ખળભળાટ : બાળકોએ યુવાનોને જોયા હોવાનો દાવો થયો : પોલીસ અને ઈન્ટેલિજન્સ અધિકારીઓ દ્વારા ઉંડી તપાસ : મરિન કમાન્ડો પણ સુસજ્જ

નવી દિલ્હી,તા. ૨૨

જમ્મુ-કાશ્મીરના ઉરી સેકટરમાં આર્મી યુનિટ પર કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલા બાદ માત્ર જમ્મુ-કાશ્મીરમાં નહીં બલ્કે દેશના જુદા જુદા ભાગોમાં એલર્ટની જાહેરાત કરવામાં આવેલી છે. જુદી જુદી જગ્યાઓએ ગુપ્ત તપાસ ઓપરેશન ચાલી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે નવી મુંબઈના ઉરનમાં આજે બપોરે કાળા વસ્ત્રો પહેરાલા કેટલાક શંકાસ્પદ હથિયારધારી યુવાનો નજરે પડતા ખળભળાટ મચી ગયો છે. આ ઘટના બન્યા બાદ ટેરર એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. નેવી દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ગુપ્તચર એજન્સીઓને પણ એલર્ટ કરી દેવાઈ છે. ભારતીય નૌકાસેનાએ ટેરર એલર્ટ જારી

● અનુસંધાન પાન-૭ પર



## મુંબઈમાં અતિ ભારે વરસાદની ચેતવણી

મુંબઈ, તા.૨૨

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં પણ ભારે વરસાદ થતા જનજીવન ખોરવાઈ ગયું હતું. બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા મુંબઈમાં આગામી ૪૮ કલાકમાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં પણ અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. છેલ્લા થોડાક દિવસથી મુંબઈમાં ફરીવાર વરસાદી માહોલ જામ્યો છે. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સંયુક્ત સચિવ રાજીવ નિવતકરનું કહેવું છે કે આવતીકાલથી મુંબઈમાં ભારે વરસાદ પડી શકે છે. હાલમાં વરસાદના લીધે જનજીવન ખોરવાયેલું છે. કોકણ, મરાઠવાડા, મધ્ય મહારાષ્ટ્ર, વિદર્ભ પ્રદેશમાં પણ અતિ ભારે વરસાદ થઈ શકે છે.

# સસ્તા પેકેજ આપવા બીએસએનએલ તૈયાર

## રિલાયન્સ જીઓ કરતા સસ્તા પેકેજ આપવા તૈયારી : દેશના મોબાઈલ ટેલિકોમ માર્કેટમાં ગળાકાપ સ્પર્ધા છેડાશે : બીએસએનએલ તેના નેટવર્ક પર નવા વર્ષથી લાઈફ ટાઈમ ફ્રી વોઈસ પ્લાનની ઓફર કરશે

નવી દિલ્હી, તા.૨૨

બીએસએનએલ રિલાયન્સ જીયો કરતા પણ સસ્તા પેકેજ આપવાની તૈયારીમાં છે. ફ્રી વોઈસની યોજના પણ ધરાવે છે. આની સાથે જ આગામી દિવસોમાં કિંમતોને લઈને ખેંચતાણ વધુ તીવ્ર બની શકે છે. જેનો સીધો ફાયદો મોબાઈલનો ઉપયોગ કરનાર લોકોને મળશે.

ટોચના અધિકારીઓએ આ અંગેની માહિતી આપતા કહ્યું છે કે દેશના વ્યસ્ત મોબાઈલ ટેલિકોમ માર્કેટમાં પ્રાઈઝ વોર માટેનો તખ્તો તૈયાર થઈ ગયો છે કારણ કે બીએસએનએલએ પણ સ્પર્ધામાં ટકી રહેવા માટે રિલાયન્સ જીયો કરતા સસ્તા પેકેજની તૈયારી કરી લીધી છે. પબ્લિક સેકટરની કંપની ફ્રી વોઈસ કોલિંગની રિલાયન્સ જીયો દ્વારા આપવામાં આવેલી ઓફરને પાળવા માટે તૈયાર છે.

આ ઉપરાંત નવા લોકો માટે વધુ સારી સુવિધા આપવા પણ તૈયાર છે. કોઈપણ ફોરજી ગ્રાહકો માટે ઉપલબ્ધ કરવામાં આવેલી જીયોની યોજનાને લઈને બીએસએનએલની યોજના ટુજી અને થ્રીજી યુઝરો માટે રહેશે. મોબાઈલ કસ્મમરો પૈકી ટુજી અને થ્રીજી મોબાઈલ યુઝરોની સંખ્યા સૌથી વધારે છે.

બીએસએનએલના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર અનુપમ શ્રીવાસ્તવે માહિતી આપતા કહ્યું છે કે અમે માર્કેટ ઉપર નજર રાખી રહ્યા છીએ. સાથે સાથે રિલાયન્સ જીયોના પર્ફોમન્સ ઉપર પણ નજર છે. અમે પણ નવા વર્ષથી લાઈફ ટાઈમ ફ્રી વોઈસ યોજના લાવવા માટે તૈયાર છીએ. તેમણે એમ પણ કહ્યું હતું કે જીયો પ્લાન કરતા પણ સસ્તા પેકેજ લાવવામાં આવનાર છે. જે ૨-૪ રૂપિયા સુધીમાં હોઈ શકે છે.

બીએસએનએલ ઘણા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ નેટવર્ક ધરાવે છે. જેમાં કેરલ, હિમાચલ, હરિયાણા, ઓરિસ્સા, પંજાબ, ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે. બીએસએનએલ દ્વારા જાન્યુઆરી મહિનાથી જીરો વોઈસ ટેરિફ પ્લાનની જાહેરાત કરવામાં આવશે. જે જીયોની ૧૪૯ રૂપિયા એન્ટ્રી પ્રાઈઝ કરતા ઓછી રહેશે. નુકસાન કરતી આ જાહેર ક્ષેત્રની કંપની મુંબઈ અને દિલ્હીમાં ચાવીરૂપ માર્કેટમાં નથી.

# મુકેશ અંબાણી નવમાં વર્ષે પણ સૌથી અમીર વ્યક્તિ

## સતત નવમાં વર્ષે ભારતના સૌથી અમીર વ્યક્તિ તરીકેનો તાજ જાળવી રાખ્યો : દિલીપ સિંઘવી બીજા ક્રમાંક ઉપર



નવી દિલ્હી, તા. ૨૨

ઉદ્યોગપતિ મુકેશ અંબાણી સતત નવમાં વર્ષમાં ભારતા સૌથી અમીર વ્યક્તિ તરીકે જાહેર થયા છે. તેમની સંપત્તિમાં ઉલ્લેખનિય વધારો થયો છે. તેમની સંપત્તિ વધીને હવે ૨૨.૭ અબજ ડોલર સુધી પહોંચી છે. જ્યારે સનફાર્માના દિલીપ સિંઘવી ૧૬.૯ અબજ ડોલરની સંપત્તિ સાથે સૌથી અમીર ભારતીય લોકોની યાદીમાં બીજા સ્થાન પર છે. હિન્દુજા પરિવાર ત્રીજા સ્થાન ઉપર છે. પ્રતિષ્ઠિત ફોર્બ્સની ભારતમાં સૌથી અમીર લોકોની યાદીમાં હિન્દુજા પરિવાર ૧૫.૨ અબજ ડોલરની સંપત્તિ સાથે ત્રીજા સ્થાન ઉપર છે. વિપ્રોના અઝીમ પ્રેમજી ૧૫ અબજ ડોલરની સંપત્તિ સાથે ચોથા સ્થાન પર છે. પતંજલી આયુર્વેદના આચાર્ય બાલકૃષ્ણ જે યોગગુરુ બાબા રામદેવના નજીકના સાથી તરીકે છે તેઓએ આશ્ચર્યજનક રીતે યાદીમાં એન્ટ્રી કરીને તમામને ચોંકાવી દીધા છે. ૨.૫ અબજ ડોલરની સંપત્તિ સાથે તેમની એન્ટ્રી થઈ ગઈ છે. અમીર લોકોની યાદી માટે જાણીતા અમેરિકન બિઝનેસ મેગેઝીન દ્વારા આંકડા સાથે સંપત્તિઓની યાદી જાહેર કરી છે. છેલ્લા એક વર્ષના ગાળામાં મુકેશ અંબાણીની સંપત્તિ ૧૮.૯ અબજ ડોલરથી વધીને ૨૨.૭ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. એટલે કે તેમની સંપત્તિ ૧.૫ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે.

# મુખ્યમંત્રી રૂપાણી દિલ્હીમાં રાષ્ટ્રપતિ મુખરજીને મળ્યા

## ઉપરાષ્ટ્રપતિ હમીદ અંસારી સહિત વડાપ્રધાન મોદીની પણ શુભેચ્છા મુલાકાત લીધી

અમદાવાદ, તા.૨૨

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજ રોજ દિલ્હી ખાતે ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની શુભેચ્છા મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિએ રૂપાણીને જણાવ્યું હતું કે, ગુજરાત એક વિકાસશીલ અને નંબર વન રાજ્ય છે, આ ઉપરાંત પ્રધાનમંત્રીનું પણ રાજ્ય છે એટલે મુખ્યમંત્રી તરીકેની આપની જવાબદારી વધારે છે, આ જવાબદારી સારી રીતે પાર પાડી શકે તે માટે તેમણે મુખ્યમંત્રીને શુભેચ્છાઓ પાઠવી હતી. રૂપાણીએ રાષ્ટ્રપતિનું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ આપી સન્માન કર્યું હતું. મુખ્યમંત્રી બન્યા બાદ રાષ્ટ્રપતિ સાતેની તેમની આ પ્રથમ મુલાકાત હતી. મુખ્યમંત્રીએ તેમની દિલ્હી ખાતેની એક દિવસની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

દરમિયાન, ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે નવીદિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ હમિદ અન્સારીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. વિજય રૂપાણીની મુખ્યમંત્રી બન્યા બાદ ઉપરાષ્ટ્રપતિ સાથે આ પ્રથમ શુભેચ્છા મુલાકાત હતી. ઉપરાષ્ટ્રપતિ હમિદ અન્સારીએ મુખ્યમંત્રીને આવકાર્યા હતા અને મુખ્યમંત્રી પદ માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. વિજય રૂપાણી અગાઉ રાજયસભાના સભ્ય હતા તે દિવસોના સ્મરણો ઉપરાષ્ટ્રપતિએ તાજા કર્યા હતા. ઉપરાષ્ટ્રપતિએ ગુજરાતે વિકાસના જે કામો કર્યા છે તેમજ વહીવટી સુધારણામાં જે અભિગમ અપનાવ્યો છે તે બાબતોની જાણકારીમાં રસ લીધો હતો.



ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
કપલ / ફેમીલી ટુર
આંદામાન
હેવલોક - નીલ - બારાટાંગ
સ્પે. કેરાલા – મુન્નાર-થેકડી
દાર્જીલીંગ – ગંગટોક-પેલીંગ
કાશ્મીર – પહેલગામ-ગુલમર્ગ
સિમલા – મનાલી-ડેલ-અમૃત
ભુતાન – પારો-થિમ્પુ-પુનાખા
કુર્ગ-કબિની – વાયનાડ-હસન
નૈનિતાલ – કોર્બેટપાર્ક-મસૂરી
સ્વતંત્ર પેકેજ હોટલ એર બુકીંગ
નૂતન ટ્રાવેલ્સ Since 1951 26562324/22 9427455274 9408643756
કરીશ્મા, સ્ટેડીયમસર્કલ, સી.જી. રોડ, અમદાવાદ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



DECOR · DC TEX · HOMES · COPPER · Kurl-on PU FOAM · SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651